JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ બારસ ગુરુવાર ૨૮ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૩

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

### બ્રાઝિલથી આવેલું 118 કિલો ડ્રગ દિલ્હી પહોંચાડવાનું હતું

# કચ્છના દરિયામાંથી 1,150 કરોડનું કોકેઈન જપ્ત

**ગુજરાત** એટીએસ અને કોસ્ટગાર્ડનું આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ સામે મોટું ઓપરેશન

**દયાવાન** ફિલ્મની જેમ માદક પદાર્થ ભરેલા થેલા દરિયાં નાંખી દીધા હતા

**એક સપ્લાયર** દરિયામાં કૂદી પડ્યો, એક સપ્લાયર અને માલ મંગાવનાર નાઇઝિરિયા અને તાન્ઝાનિયાના યુવકોની ધરપકડ



**ગાંધીનગર :** ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડે સંયુક્ત દરિયાઈ ઓપરેશનમાં મુંદ્રા નજીક દરિયામાંથી અંદાજે ૧૧૮ કિલો કોકેઈનનો જથ્થો ઝડપી પાડી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. બ્રાઝીલથી કાર્ગો વહાણ મારફતે લાવવામાં આવેલા આ ડ્રગ્સનો જથ્થો દિલ્હી સુધી પહોંચાડવાનો પ્લાન હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જપ્ત કરાયેલા કોકેઈનની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત ૧,૧૫૦ કરોડ હોવાનું માનવામાં આવે છે. ડ્રગ્સ માફિયાઓએ મુંદ્રા બંદરથી અંદાજિત 10થી 12 નોટિકલ માઈલ તેમનું જહાજ ઊભું રાખ્યુ હતું. તેઓનો ઈરાદો રાત્રિના અંધારાનો લાભ લઈને તેમના જહાજમાંથી નાની માછીમારીની બોટમાં ડ્રગ્સ ભરીને તેને નજીકના દરિયાકાંઠે ઉતારી સમગ્ર ડ્રગ્સનો જથ્થાની દિલ્હી ડિલીવરી આપવાની હતો. એટીએસના વડામથકે રાજ્યના પોલીસ વડા ડૉ.કે એલ એન રાવે કહ્યું હતું કે, ગુજરાત એટીએસની ટીમને મળેલી બાતમીના આધારે ભારતીય કોસ્ટ ગાર્ડની મદદ વડે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યુ હતું.

ગુજરાત એટીએસને મળેલી ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે ૨૫-૨૬ મેની મધરાતે મુંદ્રા એન્કરેજ વિસ્તારમાં ભારતીય કોસ્ટગાર્ડ અને ATS દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એટીએસના અધિકારીઓ સાથે કોસ્ટગાર્ડની ઈન્ટરસેપ્ટર બોટ્સ દ્વારા દરિયામાં સઘન વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન મુંદ્રાથી અંદાજે પાંચ નોટિકલ માઇલ દૂર એન્કર કરાયેલા 'MV Europe' નામના કાર્ગો જહાજ પરથી કેટલાક શંકાસ્પદ થેલાઓ દરિયામાં ફેંકવામાં આવતા જોવા મળ્યા હતા. ઓછી દશ્યતા અને ઘોર અંધકાર વચ્ચે કોસ્ટગાર્ડ અને એટીએસન ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને દરિયામાં તરતા પાંચ થેલાઓ રિકવર કર્યા હતા. ડ્રગ્સ ડિટેક્શન કિટ દ્વારા તપાસ કરતા તેમાં કોકેઈનની હાજરી મળી આવી હતી. પાંચેય થેલાઓમાંથી કુલ ૧૧૫ પેકેટ મળી આવ્યા હતા, જેનું કુલ વજન ૧૧૮.૯૭૭ કિલો હોવાનું સામે આવ્યું છે. સાથે જ ચાર એપલ

...અનુસંધાન પાના 4 પર

## હિટવેવથી બ્રિટન બંધ : ટ્રેનો રદ થતા મુસાફરો અટવાયા

**કેટલીક** ટ્રેન પર રેલવેએ ગતિ પ્રતિબંધ મૂક્યો, ઘણી ઓફિસો દ્વારા પોતાના સ્ટાફને ઘરે મોકલી દેવાયો

**પાણી કંપની** ગ્રાહકોને પેડલિંગ પૂલનો ઉપયોગ ન કરવા કહ્યુ, નળમાં પાણી આવતું બંધ થઇ ગયું







**લંડન, તા. 27 :** બ્રિટનમાં આજે ફરી ગરમીનો પ્રકોપ શરૂ થયો છે, રેલ સેવાઓ રદ કરવામાં આવી છે જેના કારણે મુસાફરો કલાકો સુધી અટવાઈ ગયા છે, હજારો ઘરોમાં પાણીનો અભાવ છે અને પરિવારોને પેડલિંગ પૂલનો ઉપયોગ કરવાની મનાઈ છે.

તાપમાન 33C સુધી વધવાની આગાહી સાથે, પરિવહન નેટવર્ક ખોરવાઈ ગયા હોવાથી અને પાણી કંપનીઓએ પરિવારોને પેડલિંગ પુલ ન ભરવા વિનંતી કરી હોવાથી તેનો સામનો કરવામાં દેશના કેટલાક ભાગો અસમર્થ જણાયા. દક્ષિણ ઈંગ્લેન્ડના વિવિધ ભાગોમાં હજારો રેલ મુસાફરોને અંધાધૂંધીનો સામનો કરવો પડ્યો, રેલ કંપનીઓએ ગતિ પ્રતિબંધો માટે હવામાનને દોષી ઠેરવ્યું અને ડર વ્યક્ત કર્યો કે રેલ 'ગરમીમાં ટ્રેક પરથી લપસી શકે છે'. ગ્રેટ વેસ્ટર્ન રેલ્વેએ ડિડકોટ પાર્કવે અને લંડન

...અનુસંધાન પાના 4 પર

## દિલ્હી ડાયરી



### સુપ્રિયા નાતે વિરુદ્ધ મુખ્ય ચૂંટણી કમિશનર

કોંગ્રેસના હાઈ-પ્રોફાઇલ સોશિયલ મીડિયા હેડ, જેઓ ભૂતપૂર્વ પત્રકાર પણ રહી ચૂક્યા છે, તેવા સુપ્રિયા નાતે ભાજપ અને તેના શક્તિશાળી મીડિયા તંત્રો પર પ્રહાર કરવાની એકપણ તક હાથમાંથી જવા દેતા નથી. તાજેતરમાં જ તેમણે આવી જ એક તક ઝડપી લીધી અને મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર પર સીધું નિશાન સાધ્યું, જેમના પર કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો શાસક પક્ષની કથિત મદદ કરવાનો આરોપ લગાવતા રહ્યા છે. પશ્ચિમ બંગાળની ચૂંટણી દરમિયાન સર્જાયેલા વિવાદોને કારણે તેઓ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. મતદાનના દિવસ પહેલા જ ઉતાવળમાં મતદાર યાદીઓની એસઆઈઆરનો આદેશ આપવાથી લઈને રાજ્યના વહીવટીતંત્રને સંપૂર્ણપણે બદલી નાખવા સુધીના તેમના નિર્ણયો, સુપ્રિયા નાતેના આકરા પ્રહારોનો વિષય બન્યા હતા. નાતેએ દાવો કર્યો હતો કે, પસંદગીના પત્રકારો સાથેની એક બંધબારણે યોજાયેલી બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનરે વારંવાર પોતાની જાતને ટાઈગર અભી ઝિંદા હૈ કહ્યા હતા. નાતેએ તેમના પર પ્રહાર કરતાં કહ્યું કે, આ નિર્લજ્જ માણસ ખુલ્લેઆમ એ વાતની બડાઈ હાંકી રહ્યો છે કે તેમણે કઈ રીતે ભાજપને ભારતીય લોકશાહીની હત્યા કરવામાં મદદ કરી?! મુખ્ય ચૂંટણી કમિશનર પત્રકારો

...અનુસંધાન પાના 4 પર

## સુપ્રિમની SIRને માન્યતા, ચૂંટણી પંચની મોટી જીત

**ચૂંટણી** પંચની મતદાર યાદી સુધારવાની સત્તા સુપ્રિમ કોર્ટે માન્ય રાખી, વિપક્ષના આક્ષેપો ફગાવ્યા

**મતદાર** યાદીમાંથી નામ કપાવાનો અર્થ નાગરિકતા રદ થવી એવો નથી : સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી, તા. 27 (PTI):** સુપ્રિમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચના પક્ષમાં એક મોટો ચુકાદો આપતાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એટલે કે ખાસ સઘન સુધારણા કાર્યક્રમ યોજવાની તેની સત્તાને માન્ય રાખી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે આ કવાયત મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ માટેના બંધારણીય આદેશમાં પ્રાણ પૂરે છે. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે ચુકાદો આપ્યો હતો

...અનુસંધાન પાના 4 પર

### કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોએ આપી તીખી પ્રતિક્રિયા

કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને જયરામ રમેશે ચૂંટણી પંચની પ્રક્રિયા સામે આકરા પ્રહારો કરતા કહ્યું કે, કાનૂની મંજૂરી મળવાથી તેના ખરાબ અમલીકરણની ખોટી દાનત છુપાઈ શકતી નથી. ચૂંટણી પંચે જે ઉતાવળમાં પહેલાં નામ કાપ્યા અને પછી તપાસ કરી, તેનાથી કરોડો લોકો મતાધિકારીથી વંચિત રહી ગયા છે. આ પ્રક્રિયામાં આધાર કાર્ડ અને રેશન કાર્ડ જેવી વિગતોના નામે કરાયેલી હેરાફેરી અંગે સર્વોચ્ચ અદાલતે કોઇ ટિપ્પણી ન કરવી તે કમનસીબ છે. આ ચુકાદાથી ઉકેલ આવવાને બદલે વધુ સવાલો ઊભા થયા છે. ટીએમસી

...અનુસંધાન પાના 4 પર

### આધાર કાર્ડ નાગરિકતાનો પુરાવો નથીઃ સુપ્રીમ

સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કાયદાકીય જોગવાઈઓ મુજબ આધાર કાર્ડ એ નાગરિકતા કે રહેઠાણનો નિર્ણાયક પુરાવો નથી. તેથી ચૂંટણી પંચ તેને મતદાર યાદી માટે પ્રાથમિક દસ્તાવેજ ન ગણે તે યોગ્ય છે. અદાલતે ચૂંટણી પંચ દ્વારા દસ્તાવેજોની ચકાસણી માટે નક્કી કરાયેલા માળખાને માન્ય રાખતા કહ્યું કે, પંચ પાસે યાદીની સચોટતા સુનિશ્ચિત કરવા માટે રેશન કાર્ડ જેવા નબળા પુરાવાને બદલે અન્ય મજબૂત દસ્તાવેજો માગવાની વહીવટી સત્તા છે.

## કેરળમાં 'મની લોન્ડરિંગ' મામલે પૂર્વ મુખ્યમંત્રી વિજયનના ઘરે ઈડીના દરોડા

**ચૂંટણી** હાર્યાના મહિનામાં જ પૂર્વ સીએમ પર કેન્દ્રીય એજન્સીનો સકંજો

**તેમનાં** પુત્રી સામેના કરોડોના કૌભાંડમાં મોટી કાર્યવાહી

**થિરુવનંતપુરમ, તા. 27 (PTI):** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ બુધવારે સવારે કેરળના 81 વર્ષીય પૂર્વ મુખ્યમંત્રી અને સીપીઆઈ (એમ)ના વરિષ્ઠ નેતા પીનારાયી વિજયનના ઘર સહિત કેરળ અને બેંગલુરુના 10 સ્થળોએ મની લોન્ડરિંગ કેસ હેઠળ દરોડા પાડ્યા હતા. આ તપાસ વિજયનની પુત્રી વીણા વિજયન સાથે જોડાયેલા સીએમઆરએલ કૌભાંડ સંદર્ભે હાથ ધરવામાં આવી છે. કેન્દ્રીય સુરક્ષા દળોના ચુસ્ત બંદોબસ્ત સાથે શરૂ થયેલી આ કાર્યવાહી દરમિયાન વિજયનના જમાઈ પીએ મોહમ્મદ રિયાસના ઘરની પણ તલાશી લેવાઈ હતી, જ્યાંથી મહત્વના રોકાણો અને ફિક્સ ડિપોઝિટના દસ્તાવેજો મળી આવ્યા છે. ગત મહિને જ વિધાનસભા ચૂંટણી હાર્યા બાદ સત્તા ગુમાવનારા પૂર્વ સીએમ વિજયને આ કાર્યવાહીને કેન્દ્ર સરકાર દ્વારા વિપક્ષી નેતાઓ સામે ચલાવવામાં આવતું 'બદલાનું રાજકારણ' ગણાવ્યું હતું.

...અનુસંધાન પાના 4 પર

### કેરળમાં દરોડા પાડવા ગયેલા ઈડીના કાફલા પર ટોળાનો હુમલો



**CPI** (એમ)ના કાર્યકરોએ ઈડીની ગાડીઓ ઘેરી ઈંટ, લાકડીઓ અને સડેલા ઈંડા ફેંક્યા

**મહિલા** અધિકારી સહિતનો સ્ટાફ માંડ બચ્યો, પોલીસ મૂકપ્રેક્ષક બની રહી

**થિરુવનંતપુરમ, તા. 27 (PTI):** કેરળના પૂર્વ મુખ્યમંત્રી પીનારાયી વિજયનના ભાડાના નિવાસસ્થાને પ્રવર્તન નિદેશાલય (ED)ના દરોડાની કામગીરી પૂર્ણ થયા બાદ, બુધવારે તેમના ઘરની બહાર ભારે હિંસા ફાટી નીકળી હતી. સત્તાધારી પક્ષ સીપીઆઈ (એમ)ના શંકાસ્પદ કાર્યકરોએ ઈડીના અધિકારીઓ અને કેન્દ્રીય સુરક્ષા દળોને લઈ જઈ રહેલા ઓછામાં ઓછા ત્રણ વાહનો પર હિંસક હુમલો કર્યો હતો, જેને રોકવામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ રહી હતી. ન્યૂઝ ચેનલોના અહેવાલો મુજબ, ઈડીની કાર્યવાહીના વિરોધમાં

...અનુસંધાન પાના 4 પર

## મોંઘા ઈંધણની અસર, એર ઈન્ડિયા સ્થાનિક ફ્લાઈટ્સમાં મોટો કાપ મૂકશે

**એર ઇન્ડિયા** દ્વારા 22 ટકા કાપ મૂકવાના નિર્ણયથી અઠવાડિયે 790થી વધુ ફ્લાઇટ્સ બંધ રહેશે

**માર્ચ 2026ના** રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં એર ઇન્ડિયાને 26,700 કરોડથી વધુનું જંગી નુકસાન થયું

**નવી દિલ્હી, તા. 27 (PTI):** ટાટા ગ્રૂપની માલિકીની એરલાઈન 'એર ઈન્ડિયા'એ એવિએશન ફ્યુઅલ (વિમાનનું ઈંધણ)ના ઊંચા ભાવો અને ભારે આર્થિક નુકસાનના કારણે જૂનથી ઓગસ્ટ 2026ના ગાળા માટે પોતાની સ્થાનિક ફ્લાઈટ્સમાં 22 ટકાનો અસ્થાયી કાપ મૂકવાની જાહેરાત કરી છે. અગાઉ બે અઠવાડિયા પહેલાં જ કંપનીએ મોંઘા ઈંધણ અને એરસ્પેસના નિયંત્રણોને કારણે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં પણ 27 ટકાનો ઘટાડો જાહેર કર્યો હતો. એર ઈન્ડિયા દર અઠવાડિયે આશરે 4400 ફ્લાઈટ્સ ઓપરેટ કરે છે, જેમાંથી 3600 સ્થાનિક અને 800 આંતરરાષ્ટ્રીય હોય છે. સ્થાનિક ફ્લાઈટ્સમાં 22 ટકાના કાપનો અર્થ એ થયો કે અઠવાડિયે 790થી વધુ ફ્લાઈટ્સ બંધ રહેશે. કંપનીએ

...અનુસંધાન પાના 4 પર

### ટેક્નિકલ ખામીના કારણે એર ઈન્ડિયાની ફ્લાઈટ અધવચ્ચેથી પરત ફરી

**નવી દિલ્હી, તા. 27 (PTI):** એરલાઈન અને ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા અનુસાર, સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ મધ્ય-આકાશમાં ટેક્નિકલ ખામી સર્જાવાને કારણે બુધવારે નવી દિલ્હી પરત ફરી હતી. હવામાં આઠ કલાકથી વધુ સમય વિતાવ્યા બાદ એરક્રાફ્ટને પાછા ફરવાની ફરજ પડી હતી. આશરે ૨૩૦ મુસાફરો સાથેનું આ વિમાન ત્રણ કલાકથી

...અનુસંધાન પાના 4 પર

## હોર્મુઝ ખોલવા અંગે ઇરાનનો મોટો દાવો , અમેરિકાએ તેને બનાવટી ગણાવ્યો

**ઈરાનના** સરકારી ટેલિવિઝને સંભવિત સમજૂતી પત્રના ડ્રાફ્ટનો ઉલ્લેખ કર્યો, અમેરિકાએ તેને બનાવટી ગણાવ્યો

**ઇરાનની** નૌકાદળ નાકાબંધી હટાવીને ત્યાંથી જતાં જહાજોને હેરાન કરવાનું બંધ કરશે એવુ કહેવાયુ

**તહેરાન/વોશિંગ્ટન, તા. 27 :** ઈરાને આજે બુધવારે કહ્યું હતું કે તે એક મહિનાની અંદર હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગને યુદ્ધ પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરશે, યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના ડ્રાફ્ટ ફ્રેમવર્ક ડીલ અનુસાર, જેમાં ઈસ્લામિક રિપબ્લિકમાંથી યુએસ દળોને પાછી ખેંચવાનો અને યુએસ નૌકાદળ નાકાબંધી હટાવવાનો પણ સમાવેશ થાય છે. જો કે અમેરિકાએ આ અહેવાલને બનાવટી ગણાવ્યો હતો. ઈરાનના સરકારી ટેલિવિઝને સંભવિત સમજૂતી પત્રના ડ્રાફ્ટનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, તેણે સ્પષ્ટતા કરી હતી કે ટેક્સ્ટ હજુ સુધી આખરી સ્વરૂપ પામ્યો નથી. અહેવાલમાં જણાવાયું છે કે અમેરિકાએ ઈરાનની નૌકાદળ નાકાબંધી હટાવવા અને ઈરાન તરફ જતા અથવા ત્યાંથી જતા જહાજોને હેરાન કરવાનું બંધ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ડ્રાફ્ટ મુજબ, બદલામાં, ઈરાન વ્યૂહાત્મક જળમાર્ગ દ્વારા શિપિંગને મંજૂરી આપવા માટે સંમત થશે પરંતુ તે શિપિંગ લેનનું સંચાલન કરવાનું, જહાજોનું નિરીક્ષણ કરવાનું અને જહાજો પર સેવા ફી લાદવાનું ચાલુ રાખશે. ડ્રાફ્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સ્ટ્રેટ બિનશરતી"ફરીથી ખોલવામાં આવશે નહીં અને તેની પ્રતિબદ્ધતાઓ લશ્કરી જહાજો પર લાગુ થશે નહીં. અહેવાલમાં પ્રદેશમાંથી સૈનિકો પાછા ખેંચવા અંગે ઈરાન પ્રત્યે યુનાઈટેડ સ્ટેટ્સની "પ્રતિબદ્ધતા"નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં ઉમેર્યું હતું કે તે સ્પષ્ટ નથી કે શું પ્રતિબદ્ધતા ફક્ત યુદ્ધ પહેલા અને દરમિયાન તૈનાત દળોને જ સંદર્ભિત કરે છે કે પછી તેમાં ગલ્ફમાં હાલના યુએસ લશ્કરી થાણાઓનો પણ સમાવેશ થાય છે. જોકે, અમેરિકાએ સમજૂતી પત્રની ચોકસાઈનો ઇનકાર કર્યો છે અને કહ્યું છે કે તે સંપૂર્ણ બનાવટી છે. વ્હાઈટ હાઉસે X પર લખ્યું કે ઈરાની નિયંત્રિત મીડિયાનો આ અહેવાલ સાચો નથી અને તેમણે જાહેર કરેલો MOU' સંપૂર્ણપણે બનાવટી છે. ઈરાની રાજ્ય મીડિયા જે બહાર પાડી રહ્યું છે તે કોઈએ પણ માનવું જોઈએ નહીં. હકીકતો મહત્વપૂર્ણ છે.

### તા. ૨૭-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૬° સે. | ૨૮.૬° સે. | ૬૪% |